# વાવોલ વિસ્તારમાં ઋતુજન્ય બિમારીનું જોર વધ્યું

## વાવોલના દવાખાનાં દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે : ઠેર ઠેર વરસાદી પાણીના ભરાવાથી માખી-મચ્છરનો ઉપદ્રવ વધ્યો

## તાવ-શરદી-સળેખમથી માંડીને મેલેરિયા-ડેન્ગ્યુના કેસોમાં વધારો : જંતુનાશક દવાનો છંટકાવ જરૂરી

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગરમાં ફરી એકવાર વરસાદી માહોલ જામ્યો છે અને આ વખતે પણ ધોધમાર વરસવાને બદલે છુટાછવાયાં ઝાપટાં કે ઝરમરીયાં જ વરસી રહ્યા છે જેના કારણે શહેરના નિચાણવાળા વિસ્તારો, ખુલ્લાં પ્લોટો તેમજ નાના-મોટાં ખાડાઓમાં વરસાદી પાણીનો ભરાવો થવા પામે છે. જે માખી-મચ્છર જેવાં જીવજંતુઓના ઉપદ્રવને વધારે છે. આવી સ્થિતિ શહેરના વાવોલ વિસ્તારમાં સર્જાઈ હોવાને કારણે, ઋતુજન્ય બિમારીઓનું જોર વધી જવા પામ્યુ છે જેના કારણે સમગ્ર વાવોલ વિસ્તારના દવાખાના દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે.

વાવોલ વિસ્તારમાં ઠેર ઠેર વરસાદી પાણીના નાના-મોટા ખાબોચિયાં જોવા મળી રહ્યાં છે જેમાં અનેક ખાબોચિયામાં દિવસો સુધી પાણીનો ભરાવો રહેવાને કારણે માખી-મચ્છર સહિતના જીવજંતુઓનો ઉપદ્રવ ખૂબ જ વધી જવા પામ્યો છે. આ સાથે જ વાવોલના ગામતળ વિસ્તાર તથા સોસાયટી વિસ્તારમાં "ઘરે ઘરે બિમારીના ખાટલાં" જેવી સ્થિતિ સર્જાવા પામી છે. વાવોલના આરોગ્ય કેન્દ્રથી માંડીને ખાનગી દવાખાના ઋતુજન્ય બિમારીઓમાં દર્દીઓથી ઉભરાઈ રહ્યાં છે જેમાં તાવ, શરદી-સળેખમ, માથાનો દુઃખાવો, ઝાડા-ઉલ્ટી, મેલેરિયા-ડેન્ગ્યુ વગેરે બિમારીઓ સૌથી વધુ જોવા મળી રહી છે. પ્રાપ્ત વિગતો અનુસાર તાજેતરમાં જ કિર્તિધામ સોસાયટીમાં એક મહિલાનું ડેન્ગ્યુના કારણે અવસાન થવા પામ્યું છે. આ ઉપરાંત અનેક સોસાયટીમાં પણ ડેન્ગ્યુ-મેલેરિયાના કેસો જોવા મળી રહ્યાં છે. ખાનગી દવાખાનામાં બતાવવા માટે પણ દર્દીઓને એકથી દોઢ કલાકના વેઈટીંગમાં બેસવું પડી રહ્યું છે. તાવના દર્દીઓમાં નાના બાળકો તથા મહિલાઓનો સમાવેશ વધુ જોવા મળી રહ્યો છે.

વાવોલમાં એક તરફ મચ્છરનો ત્રાસ વધી જવા પામ્યો છે તો બીજી તરફ વરસાદી સીઝનમાં વારંવાર વિજળી ગુલ થવાની સમસ્યા પણ યથાવત હોવાને કારણે નાગરિકોને મચ્છરથી બચવુ મુશ્કેલ બની રહ્યું છે. લાઈટો બંધ થઈ જવાને કારણે પંખા બંધ થઈ જતાં હોવાથી મચ્છરો ત્રાહિમામ પોકારાવે છે જે સરવાળે બિમારીઓમાં વધારો કરે છે. વાવોલ વિસ્તારમાં ભરાયેલા વરસાદી પાણીમાં જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો અત્યંત જરૂરી બન્યો છે. હાલ તો રહીશો પોતપોતાની રીતે મચ્છર મારવાના મશીન, લીમડાંના પાનનો ધુમાડો કે મચ્છર ભગાડવાની અગરબત્તીઓ વગેરેના ઉપાય અજમાવી રહ્યાં છે.

### વાવોલમાં બાંધકામ સાઈટો શરૂ થતાં જ દર્દીઓમાં વધારો

વાવોલ વિસ્તારમાં અનેક રહેણાંક અને કોમર્શિયલ બાંધકામ સાઈટો વિકસી રહી છે જે થોડા સમય પહેલાં કોરોના મહામારીના કારણે શ્રમિકોના વતન પરત ફરવાથી બંધ પડી હતી પરંતુ હવે શ્રમિકો પુનઃ કામે આવી ગયા હોવાથી મોટા ભાગની સ્કીમો ફરી કાર્યરત થવા પામી છે. આ સ્થિતિમાં સમગ્ર વાવોલ વિસ્તારમાં મોટી સંખ્યામાં શ્રમજીવી પરિવારોનો વસવાટ વધ્યો છે જેઓ મોટે ભાગે સાઈટ નજીક જ બનાવાયેલા હંગામી કાચા મકાનો કે તંબુ વગેરેમાં રહેતાં હોવાથી મચ્છરોનો આસાનીથી ભોગ બની રહ્યાં છે. જેના પગલે વાવોલના દવાખાનાઓમાં સૌથી વધુ દર્દીઓ જ બાંધકામ શ્રમિકવર્ગના જોવા મળી રહ્યાં છે.





શાળાઓ ભલે બંધ હોય પરંતુ જેને ભણવુ છે તેના માટે ગમે તેવી મુશ્કેલી વિઘ્ન બની શકતી નથી. ફૂટપાથ પર ફ્રુટની લારી ચલાવતો આ પરિવાર શિક્ષણની ભેખ લઈને બેઠો હોય તેમ લાગી રહ્યુ છે. પરિવાર રોજગાર તો મેળવી જ રહ્યો છે સાથોસાથ દીકરાના ભણતર પર પણ પુરૂ ધ્યાન આપી રહ્યો છે. ફૂટપાથ પર જ માતા તેના દીકરાને ભણાવી આગળ વધવા પ્રોત્સાહન આપી રહી છે.

### "સલામત સવારી એસટી અમારી" સૂત્ર ખોટું

# મોડાસાની ઓમનગર સોસાયટી નજીક દોડતી બસનું ટાયર જામ થતાં બસ ઝાડ સાથે અથડાઈ

ગુજરાત રાજ્ય પરિવહન નિગમ ની અડધો-અડધ બસો યોગ્ય સમારકામ ના અભાવે ખખડધજ હાલત માં ઉપયોગ માં લેવાતી હોવાનું મુસાફરો અનેકવાર ફરિયાદ કરી ચુક્યા છે અને અનેકવાર રસ્તામાં ખોટકાયી પડવાની અને અકસ્માત ની ઘટનાઓ છાસવારે બનતી હોય છે" બસ ની મુસાફરી સલામતી ની સવારી" ના બદલે લોકો જીવનજોખમે પ્રવાસ ખેડાતા હોય તેવો અહેસાસ અનુભવી રહ્યા છે.એસટી બસોની ખખડધજ હાલતની પોલ ખોલતી વધુ એક ઘટના પ્રકાશમાં આવી છે.મોડાસાની માલપુર રોડ પર આવેલ ઓમનગર સોસાયટી નજીક રોડ પર દોડતી ગોધરા-મોડાસા એસટી બસનું ટાયર અચાનક જામ થઈ જતા બસ રોડ સાઈડ ઝાડ સાથે અથડાઈ અટકી જતા બસમાં સવાર ૬૦ જેટલા મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા.અત્રે ઉલ્લેખનીય છે કે ઘટનાસ્થળથી ૧ કીમી દૂર શામળાજી-ગોધરા હાઈવે પર બસનું ટાયર જામ થઈ ગયું હોત તો મોટી દુર્ઘટના બની શકે તેમ હતી.

ગોધરા- મોડાસા એસટી બસ ગોધરા થી મોડાસા તરફ પરત ફરી રહી હતી ઓમનગર પાસે એસટી બસનું ટાયર અચાનક જ જામ થઈ ગયું હતું.પૂર ઝડપે દોડતી બસનું ટાયર ટાયર જામ થઈ જતા ડ્રાઈવરે મહામુસીબતે સ્ટીયરીંગ પર કાબુ મેળવી જાનહાની ન થાય તે માટે પ્રયત્ન શરૂ કરતા બસ રોડ સાઈડ ઝાડ સાથે ધડાકાભેર ભટકાઈ હતી બસમાં સવાર તમામ મુસાફરોનો જીવ તાળવે ચોંટયા હતા.૬૦ જેટલા મુસાફરોમાં અફડાતફડી સર્જાઈ હતી જોકે બસ ચાલકની સમયસૂચકતાને કારણે બસ ચાલકે બસ પર કાબુ મેળવીને રોડ સાઈડ ઉભી રાખી દેતા મોટી દુર્ઘટના ટળી હતી દોડતી બસનું ટાયર જામ થઈ જતા બસમાં મુસાફરી કરતા મુસાફરોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો



શહેરના સેકટરોમાં પણ આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે એકબાજુ સેકટરોમાં એપ્રોચ માર્ગોને પહોળા કરવા માટે કામગીરી ચાલી રહી છે. જયારે સેકટરોના આંતરિક માર્ગોની દશા પણ ખરાબ છે સેકટરોની જેમ સરગાસણ વિસ્તારમાં પણ રોડ નેટવર્ક ચિથરેહાલ જોવા મળે છે. માર્ગો પર મોટામસ ગાબડા જોવા મળી રહ્યા છે. હળવા વરસાદના અંતે પણ વરસાદી પાણીનો ભરાવો થાય છે. સ્થાનિકોએ માર્ગ સુધારણાનુ કામ ત્વરિત હાથ ધરાય તે માટે પણ પ્રબળ માંગણી કરી છે.

# રાજ્યના ૭૧ તાલુકાઓમાં નોંધપાત્ર વરસાદ

## રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૪૫.૮૪ ટકા નોંધાયો : પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૪૨.૪૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૦.૬૭ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૫૫.૪૭ ટકા જેટલો વરસાદ

ગાંધીનગર,તા.૧

રાજ્યમાં ચોમાસાની સિઝનમાં વરસાદનો બીજો રાઉન્ડ શરૂ થયો છે. છેલ્લા ચોવીસ કલાક દરમિયાન વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં ૩૯૯ મી.મી. એટલે કે ૧૬ ઈંચ જેટલો, વાપીમાં ૨૦૦ મી.મી. એટલે કે આઠ ઈંચ, માંગરોળમાં ૧૨૯ મી.મી. એટલે કે પાંચ ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલ છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તારીખ ૧ સપ્ટેમ્બર ૨૦૨૧ને સવારે ૬.૦૦ કલાક સુધીમાં વિસાવદર તાલુકામાં ૯૬ મી.મી., વઘઈમાં ૯૦ મી.મી., ડેડિયાપાડામાં ૮૮ મી.મી., ધ્રોલમાં ૮૬ મી.મી., કઠલાલમાં ૮૩ મી.મી., મેંદરડામાં ૮૧ મી.મી., કપરાડામાં ૭૯ મી.મી., વડગામ, નડિયાદમાં ૭૬ મી.મી. અને બગસરામાં ૭૫ મી.મી. મળી કુલ ૧૦ તાલુકાઓમાં ત્રણ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત નાંદોદ ચોર્યાસી, માણસા, માતર, પારડી, ઘોઘા, કેશોદ, ઉમરેઠ, વાંસદા, વંથલી, ગરુડેશ્વર, માંગરોળ, ખેરગામ, બોટાદ, જુનાગઢ શહેર, સાવરકુંડલા, ખેડા મળી કુલ ૧૭ તાલુકાઓમાં બે ઈંચથી વધુ જ્યારે અન્ય ૩૯ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. આજે તારીખ ૧ સપ્ટેમ્બર ૨૦૨૧ને સવારે ૬.૦૦ થી ૧૦.૦૦ કલાક દરમિયાન ગીર સોમનાથ જિલ્લાના તલાલા તાલુકામાં ૧૪૫ મી.મી. એટલે કે છ ઈંચ જેટલો, જૂનાગઢ જિલ્લાના માળીયા તાલુકામાં ૧૩૨ મી.મી. એટલે કે પાંચ ઈંચથી વધુ જ્યારે માંગરોળ તાલુકામાં ૧૦૦ મી.મી. એટલે કે ચાર ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે ચાલુ સિઝનમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૪૫.૮૫ ટકા નોંધાયો છે. જેમાં કચ્છ રીજીયનમાં ૩૨.૯૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૩૬.૧૫ ટકા, પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૪૨.૪૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૪૦.૬૭ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૫૫.૪૭ ટકા જેટલો સરેરાશ વરસાદ થયો છે.

### મેજર ધ્યાનચંદની જન્મ જયંતિ નિમિત્તે વસ્ત્રાલમાં Be-Fit જીમ દ્વારા "હેલ્થ-૧" મેરેથોન યોજાઈ

અમદાવાદ, તા. ૧

મેજર ધ્યાનચંદની જન્મ જયંતિ નિમિત્તે વસ્ત્રાલમાં Be-Fit જીમ દ્વારા "હેલ્થ-૧" મેરેથોન ૮ કિ.મી."નું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં ૬૫૦ થી વધુ સહભાગીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ હતો. પૂર્વ અમદાવાદમાં અત્યાર સુધીની સૌથી મોટી આ મેરેથોનમાં યુવાનથી લઈને વૃદ્ધ સહભાગીઓએ ભાગ લીધો હતો. આ મેરેથોન વસ્ત્રાલ વેદ આર્કેટથી શરૂ થઈને રીંગરોડ-હેલ્થ-૧ સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલથી પસાર થઈ પાછી વેદ આર્કેટ પર પરત આવેલ હતી. આ મેરેથોનના વિજેતાઓને હેલ્થ-૧ ના ડાયરેક્ટર ડૉ. કેયુર પટેલ દ્વારા ભેટ-સોગાદો આપવામાં આવી હતી.

# જનભાગીદારીના કામોના ખર્ચના ૨૦ ટકા ધારાસભ્યો ફાળવી શકશે

## મુખ્યમંત્રીનો નગર જનસુખાકારી કામો અંગે નિર્ણય : ધારાસભ્ય કોર્પોરેટર-નપાના સભ્ય તેમની ગ્રાન્ટમાંથી ૨૦ ટકા સુધી ગ્રાન્ટ પોતાની સંમતિથી ફાળવી શકશે

ગાંધીનગર,તા.૧

રાજ્યના મહાનગરો-નગરોમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં જનભાગીદારી ઘટકના કામો અન્વયે ખાનગી સોસાયટીઓ, હાઉસીંગ બોર્ડ વસાહતો અને ફલેટના રહિશોને ભોગવવાના થતા ૨૦ ટકા ફાળાની રકમ હવે, ધારાસભ્યો, કોર્પોરેટર, નગરપાલિકાના સભ્ય તેમની ગ્રાન્ટમાંથી તેઓ પોતાની સંમતિથી ફાળવી શકશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ અંગેનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાં જનભાગીદારી ઘટક હેઠળની પ્રવર્તમાન જોગવાઈ અનુસાર ખાનગી સોસાયટીઓ, હાઉસીંગ બોર્ડની વસાહતો અને ફલેટના રહેવાસીઓને આંતરિક રસ્તા ઉપર ડામર કે પથ્થરનું પેવિંગ, રિસરફેસીંગ, સિમેન્ટ કોક્રીટના રોડ, સ્ટ્રીટ લાઈટ, પાણીની પાઈપલાઈન, વોટર હાર્વેસ્ટીંગ, કોમન પ્લોટના પેવરીંગ તથા ભૂગર્ભ ગટરના કામો હાથ ધરવા માટે ૭૦ ટકા ફાળો સરકારની ગ્રાન્ટનો, ૨૦ ટકા ખાનગી સોસાયટી દ્વારા અને ૧૦ ટકા સ્થાનિક સંસ્થા દ્વારા ભોગવવાનો રહે છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ નગર સુખાકારીના કામોના વ્યાપક હિતમાં અને વધુ લોકો આવા કામોનો લાભ થઈ શકે તે માટે હવે એવો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે કે, જનભાગીદારી ઘટક અન્વયેના કામો માટે ખાનગી સોસાયટીઓએ ભરવાના થતા ૨૦ ટકા લોક ફાળાની રકમમાં ધારાસભ્યો, કોર્પોરેટર, નગરપાલિકાના સભ્યની ગ્રાન્ટમાંથી અગાઉના ૧૦ને બદલે હવે ૨૦ ટકા રકમ તેઓ પોતાની સંમતિથી ફાળવી શકશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ સંદર્ભના જરૂરી આદેશો સત્વરે બહાર પાડવા માટે પણ આયોજન પ્રભાગ અને શહેરી વિકાસ વિભાગને સૂચનાઓ આપી છે.



### "સ્માર્ટ" પાટનગરમાં વૃક્ષે લટકતી ટપાલપેટીનો નમૂનો..!!

સ્માર્ટ ફોનના આગમન પછી સંદેશા વ્યવહાર પણ "સ્માર્ટ" બની જતાં એક સમયે ખૂબ જ માન-પાન ધરાવતી 'ટપાલપેટી' હવે અળખામણી બની જવા પામી છે, જો કે હજુ પણ અનેક અગત્યના પત્ર વ્યવહાર ટપાલ દ્વારા થઈ રહ્યાં છે પરંતુ પેલુ કહેવાય છે ને કે જે જમાના સાથે તાલ મિલાવી ના શકે તે આ 'સ્માર્ટ' યુગમાં કોરાણે ધકેલાઈ જાય છે, તેવુ જ ટપાલખાતા સાથે થઈ રહ્યું છે તેવુ આ ટપાલપેટી જોઈને પ્રતિત થઈ રહ્યું છે. બીજી તરફ શહેરમાં પ્રકૃતિપ્રેમી સંસ્થાઓ દ્વારા વૃક્ષો પર લગાડવામાં આવેલા જાહેરાતના બોર્ડ ઉખાડવામાં આવે છે કેમકે વૃક્ષોમાં પણ જીવ છે તેથી તેને ખિલ્લાં ઠોકવાં યોગ્ય નથી, તો આ નાતે વૃક્ષો પર ખિલ્લાંના સહારે લટકતી આ ટપાલપેટી "સ્માર્ટ" પાટનગરને શોભે ખરી ? આ ટપાલપેટી સે. ૫-એ ની છે પરંતુ આવી તો શહેરમાં અનેક ટપાલ પેટીઓ જોવા મળી જશે.

### ૨૦ ટકા વરસાદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહીનાએ વિદાય લીધી હતી જયારે શ્રાવણમાં પણ એકાદ હળવા વરસાદી ઝાપટાને બાદ કરતા મેઘરાજાએ ડોકીયુ કરવાની પણ તસ્દી લીધી નથી. વરસાદ સતત અદ્રશ્ય રહેતા નગરજનો ઉનાળા જેવી આકરી ગરમીનો અહેસાસ કરી રહ્યા છે. એકાદ દિવસથી વાતાવરણ પલ્ટા વચ્ચે મોસમનો નઝારો બદલાયો છે. પરંતુ ગાંધીનગરમાં હજુ નોંધપાત્ર વરસાદ થયો નથી. આ સ્થિતિ વચ્ચે મોસમના વિચિત્ર મિજાજથી પ્રભાવિત નગરજનો મેઘરાજા મનમુકીને વરસે તેની વાટે છે. છેલ્લા બે દિવસથી વરસાદી નઝારો યથાવત છે. વાદળિયા વાતાવરણ વચ્ચે ગઈકાલે ૬ મી મી વરસાદ થયો હતો. ખોબો ભરીને વરસતા મંદ મેઘરાજાના આ મિજાજથી નગરજનો પણ નારાજગી અનુભવી રહ્યા છે.

ઓગષ્ટના અંત સુધીમાં શહેરમાં માત્ર ૧૫૯ મી મી વરસાદ થયો છે. સિઝનનો માત્ર સવા છ ઈંચ વરસાદ જ થયો છે. ગત વર્ષની સાપેક્ષમાં શહેરમાં આ વર્ષે વરસાદ પડયો જ ન હોય તેમ સ્પષ્ટ થઈ રહ્યુ છે. વર્ષ ૨૦૨૦ માં જુન મહીનામાં ૧૨૯ મી મી, જયારે જુલાઈમાં ૨૨૭ મી મી અને ઓગષ્ટમાં ૩૯૬ મી મી થઈને કુલ ૭૫૩ મી મી વરસાદ થયો હતો જયારે આ વર્ષે ઓગષ્ટના અંત સુધીમાં માત્ર ૧૫૯ મી મી વરસાદ નોંધાયો છે. જે ગત વર્ષની સરખામણીએ ૬૦૦ મી મી અલબત્ત ૨૪ ઈંચ જેટલો ઓછો છે. ગાંધીનગર શહેરમાં ગત વર્ષની સાપેક્ષમાં માત્ર ૨૦ ટકા વરસાદ જ થયો છે. વિદાય લેતા શ્રાવણે નગરજનો રોજ નભ તરફ મીટ માંડરીને મેઘરાજા ધમાકેદાર વરસે તેની વાટે છે.

### હડતાલથી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં ભીનો કચરો અને સુકો કચરો સેગ્રીગેટ કરીને આપવો અને જો અલગ કરેલો ના હોય તો કચરો નહિ સ્વીકારવાની તંત્રની સૂચનાને પગલે શહેરમાં છેલ્લા પંદર દિવસથી જંગ ચાલી રહ્યો છે. વસાહતીઓ અલગ અલગ ડસ્ટબીન આપવાની માંગણી કરી રહ્યા છે જ્યારે તંત્ર તે બાબતે તદ્દન અડગ છે.

ગાંધીનગર શહેરમાં રોજનો ૧૩૨ ટન કચરો એકત્ર થતો હતો જે હાલ ઘટીને ૩૦ થી ૩૨ ટન સુધી જ પહોંચ્યો છે.

શહેરમાં કેટલીક સોસાયટીઓ દ્વારા જાતે ડસ્ટબીન ખરીદી અને વસાહતીઓને આપ્યા છે. તંત્રએ પણ સેગ્રીગેટેડ કચરો આપનાર સોસાયટીઓને એપ્રીસીએશન લેટર આપવાનો નિર્ણય કર્યો છે.

ડસ્ટબીનના મામલે વસાહત મહાસંઘે સરકારને આવેદનપત્ર આપી રજુઆત કરી છે જે ઉલ્લેખનીય છે.

### એન્ટ્રી લીધી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈન્દ્રોડા પાર્કમાં સહેલાણીઓની વિશેષ ભીડ જોવા મળી હતી ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં વાઘ, સિંહ અને દિપડા માટે નિર્માણ કરાયેલા નવા ઓપન મોટના લીધે પણ પ્રકૃતિ પ્રમીઓની ભારે ભીડ ઉમટી હતી. ઓપન મોટનુ લોકાર્પણ પણ ગત તા ૨૪ ઓગષ્ટના રોજ થયુ હતુ જયારે લોકાર્પણ બાદ એક સપ્તાહમાં પ્રકૃતિ ઉદ્યાન સતત મુલાકાતીઓથી ઉભરેલુ જોવા મળ્યુ હતુ. સાતમ આઠમની રજાના દિવસોમાં શહેરીજનો તેમજ અમદાવાદ સહીત બહારગામથી આવતા પ્રવાસીઓ માટે ઈન્દ્રોડા પાર્ક હોટ ફેવરિટ બન્યુ હતુ. છેલ્લા એક સપ્તાહમાં અલબત્ત તા ૨૪ થી ૩૦ ઓગષ્ટ દરમિયાન ૨૫૫૧૦ મુલાકાતીઓએ પાર્કની મુલાકાત લીધી હતી. જેમાં ગત રવિવારે સૌથી વધુ ૧૦ હજારથી વધુ મુલાકાતીઓએ ઈન્દ્રોડા પાર્કમાં એન્ટ્રી લીધી હતી. તહેવારના દિવસો દરમિયાન ૩૮૬૨ નાના અને ૨૧૫૧૭ મોટા ઉપરાંત ૧૦૧ વિદ્યાર્થીઓ તેમજ ૩૦ વિકલાંગ વ્યક્તિઓ પાર્કની મુલાકાતે આવ્યા હતા. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં સપ્તાહ પુર્વે જ ઓપન મોટ ખુલ્લુ મુકાયુ છે. વન્ય પ્રાણીઓના રક્ષણ સાથે તેમને નૈસર્ગિક વાતાવરણ મળી રહે તેવા આશયથી વિશિષ્ટ રીતે તૈયાર કરાયેલા આ મોટમાં પ્રાણીઓને વિહરતા નિહાળવા પ્રકૃતિ પ્રેમીઓની ભીડ ઉમટી હતી. હાલ પણ ઓપન મોટને અનુલક્ષીને ઈન્દ્રોડા પાર્કમાં આડા દિવસો કરતા મુલાકાતીઓની સંખ્યા વધુ જોવા મળી રહી છે.

### ૨૫નો વધારો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો. કોલકાતામાં એલપીજી સિલિન્ડરનો દર ૮૮૬ રૂપિયાથી વધીને ૯૧૧ રૂપિયા પ્રતિ સિલિન્ડર થયો છે. જ્યારે ચેન્નાઈમાં એલપીજી સિલિન્ડર માટે તમારે આજથી ૯૦૦.૫૦ રૂપિયા ચૂકવવા પડશે, જે ગઈકાલ સુધી ૮૭૫.૫૦ રૂપિયા હતા. ઉત્તરપ્રદેશના લખનઉમાં એલપીજી સિલિન્ડર માટે તમારે ૮૯૭.૫ રૂપિયા ચૂકવવા પડશે. ગુજરાતમાં અમદાવાદમાં એલપીજી માટે ૮૬૬.૫૦ ચૂકવવા પડશે. અત્યાર સુધી આ સિલિન્ડર ભોપાલમાં ૮૪૦.૫૦ રૂપિયામાં ઉપલબ્ધ હતું, જે આજથી ૮૬૫.૫૦ રૂપિયા થઈ ગયું છે. તમને જણાવી દઈએ કે વર્ષ ૨૦૨૧ ની શરૂઆતમાં એટલે કે જાન્યુઆરીમાં દિલ્હીમાં એલપીજી સિલિન્ડરની કિંમત ૬૯૪ રૂપિયા હતી, જે ફેબ્રુઆરીમાં વધારીને ૭૧૯ રૂપિયા પ્રતિ સિલિન્ડર કરવામાં આવી હતી. ૧૫ ફેબ્રુઆરીએ ભાવ વધારીને ૭૬૯ રૂપિયા કરવામાં આવ્યા હતા. આ પછી, ૨૫ ફેબ્રુઆરીએ, એલપીજી સિલિન્ડરની કિંમત ઘટાડીને ૭૯૪ રૂપિયા કરવામાં આવી હતી. માર્ચમાં એલપીજી સિલિન્ડરની કિંમત ઘટાડીને ૮૧૯ રૂપિયા કરવામાં આવી હતી. એપ્રિલની શરૂઆતમાં ૧૦ રૂપિયાના ઘટાડા બાદ દિલ્હીમાં સ્થાનિક એલપીજીની કિંમત ૮૦૯ રૂપિયા થઈ ગઈ હતી. એક વર્ષમાં એલપીજી સિલિન્ડરના ભાવમાં ૧૯૦.૫૦ રૂપિયાનો વધારો થયો છે. જ્યારે ડિસેમ્બરથી અત્યાર સુધી સિલિન્ડરની કિંમતમાં લગભગ ૩૦૦ રૂપિયાનો વધારો થયો છે. એલપીજી સિલિન્ડર ઉપરાંત કોમર્શિયલ ગેસ સિલિન્ડર પણ રૂ .૭૫ મોંઘુ થયું છે. ૧૭ ઓગસ્ટે કોમર્શિયલ સિલિન્ડરની કિંમતમાં પણ ૬૮ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો. હવે દિલ્હીમાં, ૧૬૧૮ રૂપિયાને બદલે, ૧૯ કિલોના વાણિજ્યિક ગેસ સિલિન્ડરની કિંમત ૧૬૯૩ રૂપિયા થશે.

### મુલાકાત... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જે અફઘાન નાગરિકો અને ખાસ કરીને હિન્દુ અને શીખો ભારત પાછા આવવા માંગે છે તેમને લઈને પણ ભારતે વાત કરી હતી. આ સિવાય ભારતીય રાજદૂતે અફઘાનિસ્તાનની જમીનનો ઉપયોગ ભારત સામે આતંકવાદ ફેલાવવા માટે થઈ શકે છે તેવી ચિંતા વ્યક્ત કરી હતી પણ તાલિબાન નેતાએ આ મુદ્દે સકારાત્મક વલણ અપનાવવાનુ આશ્વાસન આપ્યુ હતુ.તાલિબાન નેતા સ્ટાનકજાઈ આ પહેલા ઈન્ડિયન મિલિટરી એકેડમીમાં તાલીમ લઈ ચુકાય છે અને તેમને બીજા કેડેટસ શેરુ કહીને બોલાવતા હતા.